| **Press Information Bureau<br>Govt. Of India, Ahmedabad** | | | |
|---|---|---|---|
| **Name Of The Newspaper :** | Sandesh | **Date :** | 15-09-2023 |
| **Page No :** | 09 | **Language :** | Gujarati |
| **Subject :** | दरिया किनारे के नजदीक मछलीया मीलती न होने के कारण स्टोर रिन्चिंग होगी : परषोत्तम रुपाला | | |

**માછીમારોને ઘરઆંગણે યોજનાકીય લાભો આપવા ૧૮૦થી વધુ યોજનાઓ : સાંસદ સી.આર. પાટીલ**

# દરિયા કિનારા નજીક માછલીઓ મળતી ના હોવાથી સ્ટોર રિન્ચિંગ થશે : પરષોત્તમ રૂપાલા

## નવસારી કૃષિ યુનિવર્સિટીમાં આઈસીએઆર-સીઆઈબીએના ઝીંગા ફાર્મર્સ કોન્કલેવ-૨૦૨૩ યોજાઈ

। નવસારી ।

ભારત સરકારનાં મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી વિભાગનાં કેન્દ્રીય મંત્રી પરસોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને આજ રોજ નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે આઈસીએઆર-સીઆઈબીએના શ્રિમ્પ ફાર્મર્સ કોન્કલેવ-૨૦૨૩ યોજાઈ હતી. તેમની સાથે નવસારીના સાંસદ સી.આર. પાટીલ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.



આ પ્રસંગે રૂપાલાએ જણાવ્યું હતું કે, આઝાદી બાદ તત્કાલીન સરકાર દ્વારા મત્સ્ય ઉદ્યોગની સદંતર ઉપેક્ષા કરવામાં આવી હતી. વર્ષ ૧૯૪૭ થી ૨૦૧૪ સુધી કુલ રૂા. ૩૬૮૦ કરોડનો ખર્ચ કરાયો હતો. જેની સામે વર્તમાન કેન્દ્ર સરકારે સાગરખેડુઓના સર્વાંગી વિકાસ અને સાગરખેડુઓના ઉત્કર્ષ માટે પીએમ મત્સ્ય સંપદા યોજના હેઠળ માતબર રૂા. ૨૦,૦૦૦ કરોડનું જંગી અનુદાન ફાળવ્યું છે. આ સાથે જ મત્સ્ય ક્ષેત્રના આંતરમાળખાકીય વિકાસ માટે રૂા. ૧૫,૦૦૦ કરોડના બજેટની જોગવાઈ કરી છે. એટલું જ નહીં માછીમારોના વિકાસ માટે અને આ ઉદ્યોગને વેગ આપવા માટે પ્રધાનમંત્રીએ એક અલાયદા મંત્રાલયની રચના કરી છે.

ગુજરાત રાજ્ય મત્સ્ય પેદાશોના ઉત્પાદનમાં દેશમાં અગ્રસ્થાને છે તેમ જણાવતા મંત્રી રૂપાલાએ કહ્યું કે નવીન ટેકનોલોજી અપનાવી મત્સ્યદ્યોગને વેગ આપી શકશે. દરિયા કિનારા નજીક માછલીઓ મળતી નથી. જેથી ભારત સરકારે સ્ટોર રિન્ચિંગ માટે જુદા જુદા પગલા લઈ રહી છે.

આ અવસરે સાંસદ સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, માછીમારોનના સામાજિક અને આર્થિક વિકાસ અને ગ્રામીણ અર્થતંત્રને ધબકતું રાખવા માટે અલાયદા મત્સ્ય મંત્રાલયની રચના કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય વિશાળ દરિયા કિનારો ધરાવે છે. ત્યારે મત્સ્યદ્યોગને નવો વેગ આપવા સરકારે અનેક વિધ યોજનાઓ અમલી બનાવી છે. ભારતમાં બ્લૂ ઈકોનોમીને વેગ આપવા અને માછીમારોને ઘરઆંગણે યોજનાકીય લાભો આપવાના ઉદ્દેશથી કેન્દ્ર સરકારે ૧૮૦ થી વધુ યોજનાઓ અમલી બનાવી છે. આ સાથે તેમણે કહ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ માછીમાર સમુદાયને નવી ઓળખઆપવાની સાથે મુખ્ય ધારામાં જોડવાનું મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે.

### CIBA અને NFDB વચ્ચે સમજૂતી કરાર થયા

કાર્યક્રમ દરમિયાન સીઆઇબીએ અને નેશનલ ફિશરીઝ ડેવલેપમેન્ટ બોર્ડ (એનએફડીબી) વચ્ચે સમજૂત કરાર (એમઓયુ) એન.એફ.ડી.બી. દ્વારા ઓફર કરવામાં આવતી પ્રીમિયમ સબસિડી સાથે જળચરઉછરે માટે પાક વીમાનો અમલ કરવા માટે અનુક્રમે ગુજરાતની સીઆઇબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન (એફએફપીઓ) નો અમલ અને એગ્રિકલ્ચર ઇન્શ્યોરન્સ કંપની ઓફ ઇન્ડિયા લિમિટેડની પ્રોડક્ટ ઝીંગા પાક વીમાને પણ લોન્ચ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. પુસ્તકો અને પ્રકાશનોનું વિમોચન તથા લાભાર્થીઓને ચેક વિતરણ મહાનુભાવોના હસ્તતે કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ખાસ કરીને ઝીંગાના બિયારણની ગુણવત્તા, ઝીંગાના ભાવ, વૈવિધ્યકરણ અને વીજળીના દર વગેરે અંગેની જરૂરિયાતો વિશે ચર્ચા કરવા માટે એક જળચરઉછેર પાક વીમા પર વિશેષ સત્ર અને આંતર વિભાગીય અધિકારીઓની ભાગીદારી સાથે પેનલ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું.

**Press Information Bureau**
**Govt. Of India, Ahmedabad**

| **Name Of The Newspaper :** | Gujarat Samachar | **Date :** | 15-09-2023 |
|---|---|---|---|
| **Page No :** | 02 | **Language :** | Gujarati |
| **Subject :** | दरिया किनारे के नजदीक मछलीया मीलती न होने के कारण सरकार स्टोर रिन्चिंग के लीए कदम उठा रही है<br>देश - गुजराक में डीप फिशिंग बिना खेडा रहा है, उपरांत मत्स्योद्योग क्षेत्र में प्रोसेसिंग में विकास की अपार संभावना रही है : मंत्री परसोत्तम रुपाला | | |

## નવસારી કૃષિ યુનિ.માં શ્રિમ્પ ફાર્મર્સ કોન્કલેવ યોજાઇ

# દરિયા કિનારા પાસે માછલી મળતી ન હોવાથી સરકાર સ્ટોક રિન્ચિંગ માટે પગલા લઇ રહી છે

નવસારી,ગુરૂવાર

નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે ભારત સરકારનાં મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી વિભાગનાં કેન્દ્રીય મંત્રી પરસોત્તમભાઇ રૂપાલાના અધ્યક્ષસ્થાને આઇસીએઆર-સીઆઇબીએનાં શ્રિમ્પ ફાર્મર્સ કોન્કલેવ-૨૦૨૩ યોજાઇ હતી.

## દેશ-ગુજરાતમાં ડીપ ફિશિંગ વણખેડ્યું રહ્યું છે, ઉપરાંત મત્સ્યદ્યોગ ક્ષેત્રે પ્રોસેસિંગના વિકાસની અપાર સંભાવના રહેલી છે : મંત્રી પરસોત્તમ રૂપાલા

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી પરસોત્તમભાઇ રૂપાલાએ જણાવ્યું કે, વર્તમાન કેન્દ્ર સરકારે સાગરખેડુઓના સર્વાંગી વિકાસ અને સાગરખેડુઓના ઉત્કર્ષ માટે PM મત્સ્ય સંપદા યોજના હેઠળ માતબર રૂ.૨૦,૦૦૦ કરોડનું જંગી અનુદાન ફાળવ્યું છે. આ સાથે જ મત્સ્ય ક્ષેત્રના આંતરમાળખાકીય વિકાસ માટે રૂ.૧૫,૦૦૦ કરોડના બજેટની જોગવાઈ કરી છે. એટલું જ નહીં માછીમારોના વિકાસ માટે અને આ ઉદ્યોગને વેગ આપવા માટે પ્રધાનમંત્રીશ્રી એક અલાયદા મંત્રાલયની રચના કરી છે. ગુજરાત રાજ્ય મત્સ્ય પેદાશોના ઉત્પાદનમાં દેશમાં અગ્રસ્થાને છે ત્યારે ગુજરાત મત્સ્ય પેદાશોના નિકાસ માટે વધુ યોગદાન આપે તેનાથી દેશની આવકમાં વૃદ્ધિ થવાની સાથે માછીમારોના આર્થિક વિકાસને વેગ મળશે તેમ જણાવતા મંત્રીએ વધુમાં કહ્યું કે, દેશ-ગુજરાતમાં ડીપ ફિશિંગ વણખેડ્યું રહ્યું છે. ઉપરાંત મત્સ્યદ્યોગ ક્ષેત્રે પ્રોસેસિંગના વિકાસની અપાર સંભાવના રહેલી છે. ત્યારે આ દિશામાં નવીન ટેક્નોલોજી અપનાવી મત્સ્યદ્યોગને વેગ આપી શકાશે. દરિયા કિનારા નજીક માછલીઓ મળતી નથી, જેથી ભારત સરકાર સ્ટોક રિન્ચિંગ માટે જુદા-જુદા પગલાં લઇ રહી છે.

આ પ્રસંગે સાંસદ સી.આર.પાટીલે જણાવ્યું કે, ભારત ૮ હજાર કિ.મી.નો વિશાળ સાગર તટ ધરાવે છે, અનેક પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરીને દરિયો ખેડતા માછીમારોના સામાજિક અને આર્થિક વિકાસ અને ગ્રામીણ અર્થતંત્રને ધબકતું રાખવા માટે વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ અલાયદા મત્સ્ય મંત્રાલયની રચના કરી છે. ભારતમાં બ્લૂ ઇકોનોમીને વેગ આપવા અને માછીમારોને ઘરઆંગણે યોજનાકીય લાભો આપવાના ઉદ્દેશથી કેન્દ્ર સરકારે ૧૮૦થી વધુ યોજનાઓ અમલી બનાવી છે. આ કોન્કલેવમાં મોટી સંખ્યામાં ઝીંગા ઉછેર સાથે જોડાયેલા વેપારીઓ અને સાગરખેડૂઓ ઉપસ્થિત રહ્યા હતા.

**Press Information Bureau**
**Govt. Of India, Ahmedabad**

| | | | |
|---|---|---|---|
| **Name Of The Newspaper :** | Divya Bhashkar | **Date :** | 15-09-2023 |
| **Page No :** | 04 | **Language :** | Gujarati |
| **Subject :** | झींगा का उछेर करने वाले किसानो के लीए पाक विमा की शुभारंभ | | |

# ઝીંગા ઉછેર કરતા ખેડૂતો માટે પાક વીમાનો શુભારંભ

## નવસારીના સાંસદ પાટીલની હાજરીમાં કેન્દ્રિય મંત્રી પરસોત્તમ રૂપાલા અધ્યક્ષસ્થાને ઝીંગા ફાર્મર્સ કોન્કલેવ યોજાઈ

ભાસ્કર ન્યૂઝ | નવસારી

ભારત સરકારનાં મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી વિભાગનાં કેન્દ્રીય મંત્રી પરસોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને આજરોજ આઈસીએઆર-સીઆઈબીએનાં ઝીંગા ફાર્મર્સ કોન્કલેવ-2023 યોજાઈ હતી. જેમાં કેન્દ્રિય મંત્રીની સાથે નવસારીના સાંસદ સી.આર.પાટીલ પણ ઉપસ્થિત રહ્યા હતા.આ સંમેલનમાં ખાસ કરીને ઝીંગાના બિયારણની ગુણવત્તા, ઝીંગાના ભાવ, વૈવિધ્યકરણ અને વીજળીના દર વગેરે અંગેની જરૂરિયાતો વિશે ભાર આપવામાં આવ્યો હતો.

દક્ષિણ ગુજરાતમાં મત્સ્યપાલન અને ઝીંગા ઉછેર ખૂબ જ મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. જેમાં મોટા ભાગે અમેરિકા, જાપાન, ચીન અને વિયેતનામ જેવા દેશોમાં એક્સપોર્ટ કરવામાં આવે છે. જોકે હાલમાં ઝીંગાની ખેતીમાં ઘટાડો જોવા મળ્યો છે. જેને લઈને ઝીંગા ઉછેર કરતા ખેડૂતોને થઈ રહેલી સમસ્યા અને તેની ગુણવત્તાસભર આવક મેળવવા માટે નવસારી કૃષિ યુનિ.માં ઝીંગા ફાર્મર્સ કોન્કલેવ-2023નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્કલેવમાં નવીન કૃષિ પ્રણાલી અને ઉત્પાદન, ભાંભરાપાણીમાં જળચરઉછેર, લોન, વીમો વગેરે બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ સાથે જ ઝીંગા ઉછેર કરતા ખેડૂતોને માટે પહેલા વીમાની સુવિધા ન હતી. આ સમસ્યાને ધ્યાને રાખીને આજે એઆઈસી ઝીંગા પાક વીમાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. વધુમાં આજે હિન્દી દિવસે જલતરંગ પુસ્તિકા તથા ઝીંગા ખેડૂતો માટે માર્ગદર્શિકા અને પુસ્તિકાઓનું પણ વિમોચન કેન્દ્રિય મંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.



ઝીંગા ફાર્મર્સ કોન્કલેવમાં ઉપસ્થિત રહેલા ભાજપ અધ્યક્ષ અને કેન્દ્રિય મંત્રી હાજર રહ્યાં હતા.

### ઘર આંગણે યોજનાકીય લાભ લેવો જરૂરી

ગુજરાત રાજ્ય વિશાળ દરિયા કિનારો ધરાવે છે ત્યારે મત્સ્યઉદ્યોગને નવો વેગ આપવા સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. ભારતમાં બ્લૂ ઈકોનોમીને વેગ આપવા અને માછીમારોને ઘરઆંગણે યોજનાકીય લાભો આપવાના ઉદ્દેશથી કેન્દ્ર સરકારે 180થી વધુ યોજનાઓ અમલી બનાવી છે. ■ સી.આર.પાટીલ, સાંસદ, નવસારી

### આરએફડી એપનો ઉપયોગ કરવા આગ્રહ

કેન્દ્રિય મંત્રીએ માછલીના રોગનો રિપોર્ટ એટલે કે રિપોર્ટ ફિશ ડિઝીઝ એપ વાપરવા ભાર આપ્યો હતો. આ એપમાં ખેડૂતો ફોન મારફત માછલીના રોગના નિષ્ણાતો સાથે તેમના તળાવોમાં ફિનફિશ, ઝીંગા અને મોલસ્કમાં રોગની ઘટનાની જાણ કરી વૈજ્ઞાનિકની સલાહ મેળવી તેનું નિદાન કરી શકે છે. આ એપથી સમયની ખૂબ જ બચત થાય છે અને તાત્કાલિક ધોરણે રોગને વધતા અટકાવી શકાય છે.

| Press Information Bureau<br>Govt. Of India, Ahmedabad | | | |
|---|---|---|---|
| **Name Of The Newspaper :** | Divya Bhashkar | **Date :** | 15-09-2023 |
| **Page No :** | 00 | **Language :** | Gujarati |
| **Subject :** | झींगा फार्मर्स कोन्कलेव 2023 : झींगा उछेर करते किशानो के लीए पाक वीमा का शुभारंभ | | |



# ઝીંગા ફાર્મર્સ કોન્કલેવ-2023: ઝીંગા ઉછેર કરતા ખેડૂતો માટે પાક વીમાનો શુભારંભ

નવસારી 5 કલાક પેહલા




- નવસારીના સાંસદ પાટીલની હાજરીમાં કેન્દ્રિય મંત્રી પરસોત્તમ રૂપાલા અધ્યક્ષસ્થાને ઝીંગા ફાર્મર્સ કોન્કલેવ યોજાઇ

https://www.divyabhaskar.co.in/local/gujarat/navsari/news/launch-of-crop-insurance-for-shrimp-farmers-131841205.html?_branch_match_id=1116612030862228342&utm_campaign=131841205&utm_medium=sharing&_branch_referrer=H4sIAAAAAAAA8soKSkottLXT8ksq0zUTdLLzNNP8igL9wiJMjB1TgIAvZ%2FTgB4AAAA%3D

**Press Information Bureau**
**Govt. Of India, Ahmedabad**

| | | | |
|---|---|---|---|
| **Name Of The Newspaper :** | Gujarat Guardian | **Date :** | 15-09-2023 |
| **Page No :** | 10 | **Language :** | Gujarati |
| **Subject :** | सागरकिसानो के उत्कर्श के लीए पीएम मत्स्य संपदा योजना के तहत 20 हजार करोड की फालवणी : परषोत्तम रुपाला | | |


# સાગરખેડુઓના ઉત્કર્ષ માટે PM મત્સ્ય સંપદા યોજના હેઠળ ૨૦ હજાર કરોડની ફાળવણી: પરસોત્તમ રૂપાલા

## ભારતમાં બ્લુ ઈકોનોમીને વેગ આપવાના ઉદ્દેશથી ૧૮૦થી વધુ યોજનાઓ અમલી

## સી.આર.પાટીલ, કેન્દ્રિય મંત્રી રૂપાલાના અધ્યક્ષસ્થાને ઝીંગા ફાર્મર્સ કોન્કલેવ યોજાઈ

**નવસારી, તા.૧૪**

ભારત સરકારનાં મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી વિભાગનાં કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાના અધ્યક્ષસ્થાને આજરોજ આઈસીએઆર-



સીઆઈબીએનાં શ્રિમ્પ ફાર્મર્સ કોન્કલેવ-૨૦૨૩ યોજાઇ હતી. તેમની સાથે નવસારીના સાંસદ સી.આર.પાટીલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રિય મંત્રી પરસોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે, આઝાદી બાદ તત્કાલીન સરકાર દ્વારા મત્સ્ય ઉદ્યોગની સદંતર ઉપેક્ષા કરવામાં આવી હતી. વર્ષ ૧૯૪૭ થી ૨૦૧૪ સુધી માત્ર ૩૬૮૦ કરોડનો ખર્ચ કરાયો હતો. જેની સામે વર્તમાન કેન્દ્ર સરકારે સાગરખેડુઓના સર્વાંગી વિકાસ અને સાગરખેડુઓના ઉત્કર્ષ માટે PM મત્સ્ય સંપદા યોજના હેઠળ માતબર ૨૦,૦૦૦ કરોડનું જંગી અનુદાન ફાળવ્યું છે. આ સાથે જ મત્સ્ય ક્ષેત્રના આંતર માળખાકીય વિકાસ માટે ૧૫,૦૦૦ કરોડના બજેટની જોગવાઈ કરી છે. મંત્રી રૂપાલાએ કહ્યું કે, દેશ-ગુજરાતમાં ડીપ ફિશિંગ વણખેડ્યું રહ્યું છે. ઉપરાંત મત્સ્યદ્યોગ ક્ષેત્રે પ્રોસેસિંગના વિકાસની અપાર સંભાવના રહેલી છે. ત્યારે આ દિશામાં નવીન ટેકનોલોજી અપનાવી મત્સ્યદ્યોગને વેગ આપી શકાશે. આ સાથે તેમણે કહ્યું કે, દરિયા કિનારા નજીક માછલીઓ મળતી નથી. જેથી ભારત સરકારે સ્ટોક રિન્ચિંગ માટે જુદા જુદા પગલાં લઈ રહી છે.

આ અવસરે સાંસદ સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ભારત ૮ હજાર કિમીનો વિશાળ સાગર તટ ધરાવે છે. અનેક પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરીને દરિયો ખેડતા માછીમારોના સામાજિક અને આર્થિક વિકાસ અને ગ્રામીણ અર્થતંત્રને ધબકતું રાખવા માટે વડાપ્રધાનના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ અલાયદા મત્સ્ય મંત્રાલયની રચના કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય વિશાળ દરિયા કિનારો ધરાવે છે ત્યારે મત્સ્યદ્યોગને નવો વેગ આપવા સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. ભારતમાં બ્લૂ ઈકોનોમીને વેગ આપવા અને માછીમારોને ઘરઆંગણે યોજનાકીય લાભો આપવાના ઉદ્દેશથી કેન્દ્ર સરકારે ૧૮૦થી વધુ યોજનાઓ અમલી બનાવી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માછીમાર સમુદાયને નવી ઓળખ આપવાની સાથે મુખ્ય ધારામાં જોડવાનું મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. કાર્યક્રમ દરમિયાન સીઆઈબીએ અને નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ (એનએફડીબી) વચ્ચે સમજૂતીકરાર (એમઓયુ) એન.એફ.ડી.બી. દ્વારા ઓફર કરવામાં આવતી પ્રીમિયમ સબસિડી સાથે જળચરઉછેર માટે પાક વીમાનો અમલ કરવા માટે અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન (એફએફપીઓ) અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન (એફએફપીઓ)નો અમલ અને એગ્રિકલ્ચર ઇન્શ્યોરન્સ કંપની ઓફ ઇન્ડિયા લિમિટેડની પ્રોડક્ટ ઝીંગા પાક વીમાને પણ લોન્ચ કરવામાં આવ્યુ હતું.

| Press Information Bureau<br>Govt. Of India, Ahmedabad | | | |
|---|---|---|---|
| **Name Of The Newspaper :** | Gujarat Mitra | **Date :** | 15-09-2023 |
| **Page No :** | 04 | **Language :** | Gujarati |
| **Subject :** | नवसारी कृषि युनि. में झींगा फार्मर्स कोन्कलेव - 2023 का प्रारंभ किया गया | | |


# નવસારી કૃષિ યુનિ.માં ઝીંગા ફાર્મર્સ કોન્ક્લેવ-2023નો પ્રારંભ કરાયો

**ભારતમાં** બ્લૂ ઈકોનોમીને વેગ આપવા અને માછીમારોને ઘરઆંગણે યોજનાકીય લાભો આપવા 180થી વધુ યોજનાઓ અમલી : સી.આર.પાટીલ

નવસારી: ભારત સરકારનાં મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી વિભાગનાં કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલા અને નવસારી સાંસદ સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં આજે નવસારી કૃષિ યુનિવર્સિટીમાં આઈસીએઆર-સીઆઈબીએનાં શ્રિમ્પ ફાર્મર્સ કોન્ક્લેવ-2023નાં બીજા સંસ્કરણનો દીપપ્રાગટ્ય કરી શુભારંભ કરવામાં આવ્યો હતો. CIBAઅને નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ (એનએફડીબી) વચ્ચે સમજૂતીકરાર (એમઓયુ) એન.એફ.ડી.બી. દ્વારા ઓફર કરવામાં આવતી પ્રીમિયમ સબસિડી સાથે જળચરઉછેર માટે પાક વીમાનો અમલ કરવા અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન (એફએફપીઓ)ને કોન્ક્લેવ દરમિયાન અમલમાં મૂકવા સાથે એગ્રિકલ્ચર ઈન્શ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડની પ્રોડક્ટ ઝીંગા પાક વીમાને પણ લોન્ચ કરવામાં આવી છે.

આ પ્રસંગે રૂપાલાએ જણાવ્યું હતું કે, આઝાદી બાદ તત્કાલીન સરકાર દ્વારા મત્સ્ય ઉદ્યોગની સદંતર ઉપેક્ષા કરવામાં આવી હતી. વર્ષ 1947 થી 2014 સુધી કુલ માત્ર રૂ.3680 કરોડનો ખર્ચ કરાયો હતો. જેની સામે વર્તમાન કેન્દ્ર સરકારે સાગરખેડુઓના સર્વાંગી વિકાસ અને સાગરખેડુઓના ઉત્કર્ષ માટે PM મત્સ્ય સંપદા યોજના હેઠળ માતબર રૂ.20,000 કરોડનું જંગી અનુદાન ફાળવ્યું છે. આ સાથે જ મત્સ્ય ક્ષેત્રના આંતરમાળખાકીય વિકાસ માટે રૂ.15,000 કરોડના બજેટની જોગવાઈ કરી છે. એટલું જ નહીં માછીમારોના વિકાસ માટે અને આ ઉદ્યોગને વેગ આપવા માટે પ્રધાનમંત્રીએ એક અલાયદા મંત્રાલયની રચના કરી છે.

આ અવસરે નવસારી સાંસદ સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, દરિયો ખેડતા માછીમારોના સામાજિક અને આર્થિક વિકાસ તેમજ મત્સ્યદ્યોગને નવો વેગ આપવા સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. કોન્ક્લેવમાં ઝીંગાની નિકાસના વર્તમાન દૃશ્ય અને તાત્કાલિક સંભાવનાઓ, રોગ નિવારણ અને વ્યવસ્થાપનની વિગતો આપતા ટેકનિકલ સત્રમાં (એન્ટરોસિટોઝૂન હેપેટોપેનાઈ (ઈએચપી), ઝીંગા ઉછેર માટે પાક વીમો, આનુવંશિક રીતે સુધારેલા ભારતીય સફેદ ઝીંગાનો વિકાસ (પેનાઈસ ઈન્ડીકસ) અને મડક્રેબ અને એશિયન સીબાસ માછલી સાથે ખારા પાણીના જળચરઉછેરનું વૈવિધ્યકરણ કરવા માહીતગાર કરવામાં આવ્યા હતા. ઝીંગા અને માછલીઓનું જીવંત પ્રદર્શન કરાયું હતું અને આ ઉદ્ઘાટન સમારોહ દરમ્યાન કેન્દ્રીય મંત્રી રૂપાલાના હસ્તે મત્સ્ય અને ઝીંગા ઉછેર પર પુસ્તકો અને પ્રકાશનોનું વિમોચન કરવામાં આવ્યું હતું તથા મત્સ્યપાલકોને ચેકવિતરણ કરવામાં આવ્યા હતા.

# Press Information Bureau
# Govt. Of India, Ahmedabad

| | | | |
|---|---|---|---|
| **Name Of The Newspaper :** | Vishvashghat | **Date :** | 15-09-2023 |
| **Page No :** | 02 | **Language :** | Gujarati |
| **Subject :** | केन्द्रीय मंत्री श्री परषोत्तम रुपाला ने नवसारी कृषि युनिवर्सिटी में आईसीएआर-सीआईबीए झींगा फार्मर्स कोन्कलेव-2023 का उद्‌धाटन किया | | |

# કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાએ નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે ICAR-CIBA ઝીંગા ફાર્મર્સ કોન્કલેવ-૨૦૨૩નું ઉદ્ઘાટન કર્યું





નવસારી,(પી.આઈ.બી.)

ભારત સરકારનાં મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી વિભાગનાં કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાની અને નવસારી સાંસદ સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં આજ રોજ નવસારી કૃષિ યુનિવર્સિટીમાં આઈસીએઆર-સીઆઈબીએનાં શ્રિમ્પ ફાર્મર્સ કોન્કલેવ-૨૦૨૩નાં બીજા સંસ્કરણનું દીપપ્રાગટ્ય કરી શુભારંભ કરવામાં આવ્યો હતો. ૐમ્છઅને નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ (એનએફડીબી) વચ્ચે સમજૂતીકરાર (એમઓયુ) એન.એફ.ડી.બી. દ્વારા ઓફર કરવામાં આવતી પ્રીમિયમ સબસિડી સાથે જળચરઉછેર માટે પાક વીમાનો અમલ કરવા માટે અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ) અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ)ને કોન્કલેવ દરમિયાન અમલમાં મૂકવામાં સાથે એગ્રિકલ્ચર ઈન્શ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડની પ્રોડક્ટ ઝીંગા પાક વીમાને પણ લોન્ચ કરવામાં આવી છે. ભારત અંદાજીત ૧૪ મિલિયન મેટ્રિક ટનના મત્સ્ય ઉત્પાદન સાથે ત્રીજો સૌથી મોટો માછલી ઉત્પાદક દેશ છે અને લગભગ ૭ લાખ ટન ઉછેર કરાયેલા ઝીંગાનો સૌથી મોટો નિકાસકાર છે. જો કે, બીમારીઓને કારણે દેશને વાર્ષિક અંદાજે ૭૧૦૦ કરોડનું નુકસાન થાય છે. તેથી, રોગોને નિયંત્રિત કરવા માટે વહેલાસર શોધ અને રોગોના ફેલાવાને નિયંત્રિત કરવું મહત્વપૂર્ણ માનવામાં આવે છે. મહત્વને ધ્યાનમાં રાખીને, ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય સર્વેલન્સ પ્રોગ્રામ ફોર એક્વાટિક એનિમલ ડિસીઝ (દ્ગજીઁછછણ) લાગુ કરવામાં આવે છે. જે અંતર્ગત મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલાએ નવસારી કૃષિ યુનિવર્સિટીમાં

આઈસીએઆર-સીઆઈબીએનાં શ્રિમ્પ ફાર્મર્સ કોન્કલેવ-૨૦૨૩નાં બીજા સંસ્કરણ કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. માઈક્રોસ્પોરાઈડિયન દ્વારા થતા હેપેટોપેન્ક્રિઆટિક માઈક્રોસ્પોરિડિઓસિસ (એચપીએમ)ના વિશેષ સંદર્ભમાં ઝીંગાની નિકાસના વર્તમાન દૃશ્ય અને તાત્કાલિક સંભાવનાઓ, રોગ નિવારણ અને વ્યવસ્થાપનની વિગતો આપતા ટેકનિકલ સત્રમાં (એન્ટરોસિટોઝૂન હેપેટોપેનાઈ (ઈએચપી), ઝીંગા ઉછેર માટે પાક વીમો, આનુવંશિક રીતે સુધારેલા ભારતીય સફેદ ઝીંગાનો વિકાસ (પેનાઈસ ઈન્ડીકસ) અને મડકેબ અને એશિયન સીબાસ માછલી સાથે ખારા પાણીના જળચરઉછેરનું વૈવિધ્યકરણ કરવા માહીતગાર કરવામાં આવ્યા હતા. ભારત દેશ છેલ્લા એક દાયકા દરમિયાન ઝીંગા ઉત્પાદનમાં લગભગ ૪૩૦% વૃદ્ધિ હાંસલ કરી છે જે ફક્ત ઝીંગા ખેતી ક્ષેત્રની એકંદર નફાકારકતા, વૃદ્ધિ અને સ્થિરતાને સમજાવે છે. જળચરઉછેર પર લાદવામાં આવેલા કડક નિયમો સાથે વૈજ્ઞાનિક ટેક્નોલોજીની પ્રગતિએ આ વિશાળ કૂદકો શક્ય બનાવ્યો છે. દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી, સુરત અને ભરૂચમાં મોટાભાગના એક્વાકલ્ચર ખેડૂતો નાના ખેડૂતો છે, તેઓ ૨-૩ તળાવ ધરાવે છે અને સંસ્થાકીય ધિરાણ અને વીમાની પહોંચના અભાવને કારણે પાક માટે કાર્યકારી મૂડી ઊભી કરવામાં ભારે અવરોધોનો સામનો કરવો પડે છે. કુદરતી આફતો અથવા વાઈરલ રોગોને કારણે એક પાકનું નુકસાન ખેડૂતોને ઊંડે ઋણમાં ડૂબી જાય છે. પરંતુ હવે ૐમ્છઅને નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ (એનએફડીબી) વચ્ચે સમજૂતીકરાર (એમઓયુ) એન.એફ.ડી.બી. દ્વારા ઓફર કરવામાં આવતી પ્રીમિયમ સબસિડી સાથે જળચરઉછેર માટે પાક વીમાનો અમલ કરવા માટે અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ) અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ)ને કોન્કલેવ દરમિયાન અમલમાં મૂકવામાં સાથે એગ્રિકલ્ચર ઈન્શ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડની પ્રોડક્ટ ઝીંગા પાક વીમાને પણ લોન્ચ કરવામાં આવી છે. જેને લઈને મત્સ્ય ખેડૂતોની વીમા અને સંસ્થાકીય ધિરાણ સુધીની સુલભતા સ્થાપિત કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે જે વીમા યોજના સુવિધા દ્વારા ખેડૂતોની આવક વધુ ઝડપી સમયમર્યાદામાં બમણી કરવામાં મદદ કરશે. આ કોન્કલેવમાં ગુજરાત એક્વા ફીડ ડીલર્સ એસોસિયેશન, ગુજરાત એક્વાફાર્મર્સ એસોસિયેશનના ૩૦૦થી વધુ એક્વાફાર્મર્સ, હોદ્દેદારો, એસસી/એસટી યોજનાના લાભાર્થીઓ, જનપ્રતિનિધિઓ, વિકાસ વિભાગના અધિકારીઓ, ટેકનિશિયનો, બેન્કરો, વીમા અધિકારીઓ, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ ભાગ લેશે.ઝીંગા અને માછલીઓના જીવંત પ્રદર્શન નિહાળ્યું હતું અને આ ઉદ્ઘાટન સમારોહ દરમ્યાન કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાજીના વરદ હસ્તે મત્સ્ય અને ઝીંગા ઉછેર પર પુસ્તકો અને પ્રકાશનોનું વિમોચન કરવામાં આવ્યું હતું તથા મત્સ્યપાલકોને ચેકવિતરણ કરવામાં આવ્યા હતા.આ સંમેલનમાં ખાસ કરીને ઝીંગાના બિયારણની ગુણવત્તા, ઝીંગાના ભાવ, વૈવિધ્યકરણ અને વીજળીના દર વગેરે અંગેની જરૂરિયાતો વિશે ચર્ચા કરવા માટે એક જળચરઉછેર પાક વીમા પર વિશેષ સત્ર અને આંતર-વિભાગીય અધિકારીઓની ભાગીદારી સાથે પેનલ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું છે. નવસારી-ગુજરાત રિજનલ સેન્ટર ઓફ આઈસીએઆર-સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બ્રેકિશવોટર એક્વાકલ્ચર (આઈસીએઆર-સીઆઈબીએ), ચેન્નાઈની દેખરેખ હેઠળની વૈજ્ઞાનિક ટીમ આઈસીએઆર-સીઆઈબીએના ડાયરેક્ટર ડો.કુલદીપ કે લાલ ,ગ્રીજા સુબ્રમણ્યમ, ચેરમેન કમ મેનેજિંગ ડિરેક્ટર ઓફ એગ્રિકલ્ચરલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ, આઈસીએઆરના નાયબ નિયામક (મત્સ્યોદ્યોગ) ડો.જે.કે.જેના, નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. ઝેડ.પી.પટેલ, ભારત સરકારના કોસ્ટલ એક્વાકલ્ચર ઓથોરિટીના સભ્ય સચિવ ડો.વી.કૃપા, ભારત સરકારના કોસ્ટલ એક્વાકલ્ચર ઓથોરિટીના સભ્ય સચિવ, નીતિન સાંગવાન, આઈએએસ, ગુજરાત સરકારના ફિશરીઝ કમિશનર, ભારત સરકારના નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડના ચીફ એક્ઝિક્યુટીવ ડો. એલ. નરશીમા મૂર્તિ સાથે મત્સય ખેડૂતો ઉપસ્થિત રહયા હતા.

**Press Information Bureau**
**Govt. Of India, Ahmedabad**

| | | | |
|---|---|---|---|
| **Name Of The Newspaper :** | Ahmedabad Express | **Date :** | 15-09-2023 |
| **Page No :** | 06 | **Language :** | Gujarati |
| **Subject :** | केन्द्रीय मंत्री श्री परषोत्तम रुपाला ने नवसारी कृषि युनिवर्सिटी में आईसीएआर-सीआईबीए झींगा फार्मर्स कोन्कलेव-2023 का उद्धाटन किया, सीआईबीए ओर एनएफडीबी के बीच एमओयु | | |

# કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાએ નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે ICAR-CIBA ઝીંગા ફાર્મર્સ કોન્ક્લેવ-2023નું ઉદ્ઘાટન કર્યું, CIBA અને NFDB વચ્ચે એમઓયુ

નવસારી, તા. 14

ભારત સરકારનાં મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી વિભાગનાં કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાની અને નવસારી સાંસદ સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં આજ રોજ નવસારી કૃષિ યુનિવર્સિટીમાં આઈસીએઆર-સીઆઈબીએનાં શ્રિમ્પ ફાર્મર્સ કોન્ક્લેવ-2023નાં બીજા સંસ્કરણનું દીપપ્રાગટ્ય કરી શુભારંભ કરવામાં આવ્યો હતો. CIBAઅને નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ (એનએફડીબી) વચ્ચે સમજૂતીકરાર (એમઓયુ) એન.એફ.ડી.બી. દ્વારા ઓફર કરવામાં આવતી પ્રીમિયમ સબસિડી



સાથે જળચરઉછેર માટે પાક વીમાનો અમલ કરવા માટે અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ) અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ)ને કોન્ક્લેવ દરમિયાન અમલમાં મૂકવામાં સાથે એગ્રિકલ્ચર ઈન્શ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડની પ્રોડક્ટ ઝીંગા પાક વીમાને પણ લોન્ચ કરવામાં આવી છે. ભારત અંદાજીત 14 મિલિયન મેટ્રિક ટનના મત્સ્ય ઉત્પાદન સાથે ત્રીજો સૌથી મોટો માછલી ઉત્પાદક દેશ છે અને લગભગ 7 લાખ ટન ઉછેર કરાયેલા ઝીંગાનો સૌથી મોટો નિકાસકાર છે. જો કે, બીમારીઓને કારણે દેશને વાર્ષિક અંદાજે 7100 કરોડનું નુકસાન થાય છે. તેથી, રોગોને નિયંત્રિત કરવા માટે વહેલાસર શોધ અને રોગોના ફેલાવાને નિયંત્રિત કરવું મહત્વપૂર્ણ માનવામાં આવે છે. મહત્વને ધ્યાનમાં રાખીને, ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય સર્વેલન્સ પ્રોગ્રામ ફોર એક્વાટિક એનિમલ ડિસીઝ (NSPAAD) લાગુ કરવામાં આવે છે. જે અંતર્ગત મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલાએ નવસારી કૃષિ યુનિવર્સિટીમાં આઈસીએઆર-સીઆઈબીએનાં શ્રિમ્પ ફાર્મર્સ કોન્ક્લેવ-2023નાં બીજા સંસ્કરણ કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

| **Press Information Bureau**<br>**Govt. Of India, Ahmedabad** | | | |
|---|---|---|---|
| **Name Of The Newspaper :** | Zatpat News | **Date :** | 15-09-2023 |
| **Page No :** | 03 | **Language :** | Gujarati |
| **Subject :** | दरिया किनारे के नजदिक मछलीया मिलती नही है जीस से भारत सरकार स्टोक रिन्चिंग के लीए अलग अलग कदम लीए जा रहे है : परसोत्तमभाई रुपाला | | |

# દરિયા કિનારા નજીક માછલીઓ મળતી નથી, જેથી ભારત સરકાર સ્ટોક રિન્ચિગ માટે જુદા જુદા પગલાં લઈ રહી છે : પરસોત્તમભાઈ રૂપાલા

## ભારતમાં બ્લૂ ઈકોનોમીને વેગ આપવા અને માછીમારોને ઘરઆંગણે યોજનાકીય લાભો આપવાના ઉદ્દેશથી ૧૮૦થી વધુ યોજનાઓ અમલી : સાંસદ સી.આર.પાટીલ





ઝટપટ ન્યૂઝ નવસારી તા. ૧૪

ભારત સરકારના મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી વિભાગના કેન્દ્રીય મંત્રી પરસોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને આજરોજ આઈસીએઆર-સીઆઈબીએના ફિશ ફાર્મર્સ કોન્કલેવ-૨૦૨૩ યોજાઈ હતી. તેમની સાથે નવસારીના સાંસદ સી.આર.પાટીલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રિય મંત્રી પરસોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, આઝાદી બાદ તત્કાલીન સરકાર દ્વારા મત્સ્ય ઉદ્યોગની સદંતર ઉપેક્ષા કરવામાં આવી હતી. વર્ષ ૧૯૪૭ થી ૨૦૧૪ સુધી કુલ માત્ર રૂ.૩૬૮૦ કરોડનો ખર્ચ કરાયો હતો. જેની સામે વર્તમાન કેન્દ્ર સરકારે સાગરખેડુઓના સર્વાંગી વિકાસ અને સાગરખેડુઓના ઉત્કર્ષ માટે પીએમ મત્સ્ય સંપદા યોજના હેઠળ માતબર રૂ.૨૦,૦૦૦ કરોડનું જંગી અનુદાન ફાળવ્યું છે. આ સાથે જ મત્સ્ય ક્ષેત્રના આંતરમાળખાકીય વિકાસ માટે રૂ.૧૫,૦૦૦ કરોડનાં બજેટની જોગવાઈ કરી છે. એટલું જ નહીં માછીમારોના વિકાસ માટે અને આ ઉદ્યોગને વેગ આપવા માટે પ્રધાનમંત્રીએ એક અલાયદા મંત્રાલયની રચના કરી છે.

ગુજરાત રાજ્ય મત્સ્ય પેદાશોનાં ઉત્પાદનમાં દેશમાં અગ્રસ્થાને છે ત્યારે ગુજરાત મત્સ્ય પેદાશોનાં નિકાસ માટે વધુ યોગદાન આપે તેનાથી દેશની આવકમાં વૃદ્ધિ થવાની સાથે માછીમારોના આર્થિક વિકાસને વેગ મળશે તેમ જણાવતા મંત્રી રૂપાલાએ કહ્યું કે, દેશ-ગુજરાતમાં ડીપ ફિશિંગ વધારવું રહ્યું છે. ઉપરાંત મત્સ્યદ્યોગ ક્ષેત્ર પ્રોસેસિંગનાં વિકાસની અપાર સંભાવના રહેલી છે. ત્યારે આ દિશામાં નવીન ટેકનોલોજી અપનાવી મત્સ્યદ્યોગને વેગ આપી શકાશે. આ સાથે તેમણે કહ્યું કે, દરિયા કિનારા નજીક માછલીઓ મળતી નથી. જેથી ભારત સરકારે સ્ટોક રિન્ચિંગ માટે જુદા જુદા પગલાં લઈ રહી છે.

આ અવસરે સાંસદ સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ભારત ૮ હજાર કિમીનો વિશાળ સાગર તટ ધરાવે છે. અનેક પ્રતિકુળ પરિસ્થિતિનો સામનો કરીને દરિયો ખેડતા માછીમારોનાં સામાજિક અને આર્થિક વિકાસ અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત રાખવા માટે વડાપ્રધાનના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ અલાયદા મત્સ્ય મંત્રાલયની રચના કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય વિશાળ દરિયા કિનારો ધરાવે છે ત્યારે મત્સ્યદ્યોગને નવો વેગ આપવા સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. ભારતમાં બ્લુ ઈકોનોમીને વેગ આપવા અને માછીમારોને ઘરઆંગણે યોજનાકીય લાભો આપવાના ઉદ્દેશથી કેન્દ્ર સરકારે ૧૮૦થી વધુ યોજનાઓ અમલી બનાવી છે. આ સાથે તેમણે કહ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ માછીમાર સમુદાયને નવી ઓળખ આપવાની સાથે મુખ્ય ધારામાં જોડવાનું મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. દરિયાકાંઠાનાં વિસ્તારોમાં માછીમારો, માછીમાર સમુદાયોને સરકાર દ્વારા અમલી કલ્યાણકારી યોજનાઓ અને કાર્યક્રમોથી જાગૃત કરવા સરકાર કટિબદ્ધ છે. કાર્યક્રમ દરમિયાન સીઆઈબીએ અને નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ (એનએફડીબી) વચ્ચે સમજૂતીકરાર (એમઓયુ) એન.એફ.ડી.બી. દ્વારા ઓફર કરવામાં આવતી પ્રીમિયમ સબસિડી સાથે જળચરઉછેર માટે પાક વીમાનો અમલ કરવા માટે અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ) અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ)નો અમલ અને એગ્રિકલ્ચર ઇન્શ્યોરન્સ કંપની ઓફ ઇન્ડિયા લિમિટેડની પ્રોડક્ટ ઝીંગા પાક વીમાને પણ લોન્ચ મહાનુભાવોનાં હસ્તે કરવામાં આવ્યુ હતુ. પુસ્તકો અને પ્રકાશનોનું વિમોચન તથા લાભાર્થીઓને ચેક વિતરણ મહાનુભાવોનાં હસ્તે કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ખાસ કરીને ઝીંગાનાં બિયારણની ગુણવત્તા, ઝીંગાનાં ભાવ, વૈવિધ્યકરણ અને વીજળીનાં દર વગેરે અંગેની જરૂરિયાતો વિશે ચર્ચા કરવા માટે એક જળચરઉછેર પાક વીમા પર વિશેષ સત્ર અને આંતર-વિભાગીય અધિકારીઓની ભાગીદારી સાથે પેનલ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે આઈસીએઆરનાં નાયબ નિયામક (મત્સ્યોદ્યોગ) ડૉ.જે.કે.જેના, આઈસીએઆર-સીઆઈબીએનાં ડાયરેક્ટર ડૉ.કુલદીપ કે લાલ, એગ્રિકલ્ચરલ ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડનાં ચેરમેન કમ મેનેજિંગ ડિરેક્ટર ગિરીજા સુબ્રમણ્યમ, નવસારી કૃષિ યુનિવર્સિટીનાં કુલપતિ ડૉ. ઝેડ.પી.પટેલ, નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડનાં ચીફ એક્ઝિક્યુટીવ ડૉ.એલ. નરસિમ્હા મૂર્તિ, ફિશરીઝ કમિશનર નીતિન સાંગવાન, જિલ્લા કલેક્ટર અમિત પ્રકાશ યાદવ સહિતનાં અધિકારીઓ તેમજ મોટીસંખ્યામાં ઝીંગા ઉછેર સાથે જોડાયેલ વેપારીઓ તેમજ સાગરખેડૂઓ ઉપસ્થિત રહ્યા હતા.

## CLIPPINGS - PARSHOTTAM RUPALA RELATED

## <u>PRESS CLIPPING</u>

<table>
<tr><td colspan="4" align="center">Press Information Bureau<br>Govt. Of India, Ahmedabad</td></tr>
<tr><td>Name Of The Newspaper :</td><td>Samachar Today</td><td>Date :</td><td>15-09-2023</td></tr>
<tr><td>Page No :</td><td>04</td><td>Language :</td><td>Gujarati</td></tr>
<tr><td>Subject :</td><td colspan="3">केन्द्रीय मंत्री श्री परषोत्तम रुपाला ने नवसारी कृषि युनिवर्सिटी में आईसीएआर-सीआईबीए झींगा फार्मर्स कोन्कलेव-2023 का उद्धाटन किया, सीआईबीए ओर एनएफडीबी के बीच एमओयु</td></tr>
</table>

# કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાએ નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે ICAR-CIBA ઝીંગા ફાર્મર્સ કોન્ક્લેવ-2023નું ઉદ્ઘાટન કર્યું, CIBA અને NFDB વચ્ચે એમઓયુ

ભારત સરકારનાં મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી વિભાગનાં કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાની અને નવસારી સાંસદ સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં આજ રોજ નવસારી કૃષિ યુનિવર્સિટીમાં આઈસીએઆર-સીઆઈબીએનાં શ્રિમ્પ ફાર્મર્સ કોન્ક્લેવ-2023નાં બીજા સંસ્કરણનું દીપપ્રાગટ્ય કરી શુભારંભ કરવામાં આવ્યો હતો. CIBAઅને નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ (એનએફડીબી) વચ્ચે સમજૂતીકરાર (એમઓયુ) એન.એફ.ડી.બી. દ્વારા ઓફર કરવામાં આવતી પ્રીમિયમ સબસિડી સાથે જળચરઉછેર માટે પાક વીમાનો અમલ કરવા માટે અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ) અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ)ને કોન્કલેવ દરમિયાન અમલમાં મૂકવામાં સાથે એગ્રિકલ્ચર ઈન્શ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડની પ્રોડક્ટ ઝીંગા પાક વીમાને પણ લોન્ચ કરવામાં આવી છે.

ભારત અંદાજીત 14 મિલિયન મેટ્રિક ટનના મત્સ્ય ઉત્પાદન સાથે ત્રીજો સૌથી મોટો માછલી ઉત્પાદક દેશ છે અને લગભગ 7 લાખ ટન ઉછેર કરાયેલા ઝીંગાનો સૌથી મોટો નિકાસકાર છે. જો કે, બીમારીઓને કારણે દેશને વાર્ષિક અંદાજે 7100 કરોડનું નુકસાન થાય છે. તેથી, રોગોને નિયંત્રિત કરવા માટે વહેલાસર શોધ અને રોગોના ફેલાવાને નિયંત્રિત કરવું મહત્વપૂર્ણ માનવામાં આવે છે. મહત્વને ધ્યાનમાં રાખીને, ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય સર્વેલન્સ પ્રોગ્રામ ફોર એક્વાટિક એનિમલ ડિસીઝ (NSPAAD) લાગુ કરવામાં આવે છે. જે અંતર્ગત મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલાએ નવસારી કૃષિ યુનિવર્સિટીમાં આઈસીએઆર-સીઆઈબીએનાં શ્રિમ્પ ફાર્મર્સ કોન્કલેવ-2023નાં બીજા સંસ્કરણ કાર્યકમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. માઈક્રોસ્પોરાઈડિયન દ્વારા થતા હેપેટોપેન્ક્રિઆટિક માઈક્રોસ્પોરિડિઓસિસ (એચપીએમ) ના વિશેષ સંદર્ભમાં ઝીંગાની નિકાસના વર્તમાન દૃશ્ય અને તાત્કાલિક સંભાવનાઓ, રોગ નિવારણ અને વ્યવસ્થાપનની વિગતો આપતા ટેકનિકલ સત્રમાં (એન્ટરોસિટોઝૂન હેપેટોપેનાઈ (ઇએચપી), ઝીંગા ઉછેર માટે પાક વીમો, આનુવંશિક રીતે





સુધારેલા ભારતીય સફેદ ઝીંગાનો વિકાસ (પેનાઈસ ઈન્ડીકસ) અને મડકેબ અને એશિયન સીબાસ માછલી સાથે ખારા પાણીના જળચરઉછેરનું વૈવિધ્યકરણ કરવા માહીતગાર કરવામાં આવ્યા હતા.

ભારત દેશ છેલ્લા એક દાયકા દરમિયાન ઝીંગા ઉત્પાદનમાં લગભગ 430% વૃદ્ધિ હાંસલ કરી છે જે ફક્ત ઝીંગા ખેતી ક્ષેત્રની એકંદર નફાકારકતા, વૃદ્ધિ અને સ્થિરતાને સમજાવે છે. જળચરઉછેર પર લાદવામાં આવેલા કડક નિયમો સાથે વૈજ્ઞાનિક ટેક્નોલોજીની પ્રગતિએ આ વિશાળ કૂદકો શક્ય બનાવ્યો છે. દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી, સૂરત અને ભરૂચમાં મોટાભાગના એક્વાકલ્ચર ખેડૂતો નાના ખેડૂતો છે, તેઓ 2-3 તળાવ ધરાવે છે અને સંસ્થાકીય ધિરાણ અને વીમાની પહોંચના અભાવને કારણે પાક માટે કાર્યકારી મૂડી ઊભી કરવામાં ભારે અવરોધોનો સામનો કરવો પડે છે. કુદરતી આફતો અથવા વાઈરલ રોગોને કારણે એક પાકનું નુકસાન ખેડૂતોને ઊંડે ઋણમાં ડૂબી જાય છે. પરંતુ હવે CIBAઅને નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ (એનએફડીબી) વચ્ચે સમજૂતીકરાર (એમઓયુ) એન.એફ.ડી.બી. દ્વારા ઓફર કરવામાં આવતી પ્રીમિયમ સબસિડી સાથે જળચરઉછેર માટે પાક વીમાનો અમલ કરવા માટે અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ) અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ)ને કોન્કલેવ દરમિયાન અમલમાં મૂકવામાં સાથે એગ્રિકલ્ચર ઈન્શ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડની પ્રોડક્ટ ઝીંગા પાક વીમાને પણ લોન્ચ કરવામાં આવી છે. જેને લઈને મત્સ્ય ખેડૂતોની વીમા અને સંસ્થાકીય ધિરાણ સુધીની સુલભતા સ્થાપિત કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે જે વીમા યોજના સુવિધા દ્વારા ખેડૂતોની આવક વધુ ઝડપી સમયમર્યાદામાં બમણી કરવામાં મદદ કરશે.

આ કોન્કલેવમાં ગુજરાત એક્વા ફીડ ડીલર્સ એસોસિયેશન, ગુજરાત એક્વાફાર્મર્સ એસોસિયેશનના 300થી વધુ એક્વાફાર્મર્સ, હોદ્દેદારો, એસસી/એસટી યોજનાના લાભાર્થીઓ, જનપ્રતિનિધિઓ, વિકાસ વિભાગના અધિકારીઓ, ટેકનિશિયનો, બેન્કરો, વીમા અધિકારીઓ, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ ભાગ લેશે.ઝીંગા અને માછલીઓના જીવંત પ્રદર્શન નિહાળ્યું હતું અને આ ઉદ્ઘાટન સમારોહ દરમ્યાન કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાજીના વરદ હસ્તે મત્સ્ય અને ઝીંગા ઉછેર પર પુસ્તકો અને પ્રકાશનોનું વિમોચન કરવામાં આવ્યું હતું તથા મત્સ્યપાલકોને ચેકવિતરણ કરવામાં આવ્યા હતા.

આ સંમેલનમાં ખાસ કરીને ઝીંગાના બિયારણની ગુણવત્તા, ઝીંગાના ભાવ, વૈવિધ્યકરણ અને વીજળીના દર વગેરે અંગેની જરૂરિયાતો વિશે ચર્ચા કરવા માટે એક જળચરઉછેર પાક વીમા પર વિશેષ સત્ર અને આંતર-વિભાગીય અધિકારીઓની ભાગીદારી સાથે પેનલ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું છે. નવસારી-ગુજરાત રિજનલ સેન્ટર ઓફ આઈસીએઆર-સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બ્રેકિશવોટર એક્વાકલ્ચર (આઈસીએઆર-સીઆઈબીએ), ચેન્નાઈની દેખરેખ હેઠળની વૈજ્ઞાનિક ટીમ આઈસીએઆર-સીઆઈબીએના ડાયરેક્ટર ડો.કુલદીપ કે લાલ ,શ્રીજા સુબ્રમણ્યમ, ચેરમેન કમ મેનેજિંગ ડિરેક્ટર ઓફ એગ્રિકલ્ચરલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ, આઈસીએઆરના નાયબ નિયામક (મત્સ્યોદ્યોગ) ડો.જે.કે.જેના, નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. ઝેડ. પી.પટેલ, ભારત સરકારના કોસ્ટલ એક્વાકલ્ચર ઓથોરિટીના સભ્ય સચિવ ડો.વી.કૃપા, ભારત સરકારના કોસ્ટલ એક્વાકલ્ચર ઓથોરિટીના સભ્ય સચિવ, નીતિન સાંગવાન, આઈએએસ, ગુજરાત સરકારના ફિશરીઝ કમિશનર, ભારત સરકારના નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડના ચીફ એક્ઝિક્યુટીવ ડો. એલ. નરશીમા મૂર્તિ સાથે મત્સય ખેડૂતો ઉપસ્થિત રહયા હતા.

| Press Information Bureau<br>Govt. Of India, Ahmedabad | | | |
|---|---|---|---|
| **Name Of The Newspaper :** | Keshari | **Date :** | 15-09-2023 |
| **Page No :** | 02 | **Language :** | Gujarati |
| **Subject :** | नवसारी कृषि युनिवर्सिटी में केन्द्रीयमंत्री ओर प्रदेश अध्यक्ष का विशेष अपस्थिति में झींगा किसानो का संमेलन कार्यक्रम का आयोजन | | |

# નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે કેન્દ્રીયમંત્રી તેમજ પ્રદેશ અધ્યક્ષની વિશેષ ઉપસ્થિતિમાં જીંગા ખેડૂતોનો સંમેલન કાર્યક્રમ યોજાયો





## દેશમાં આ પહેલી વાર થઈ રહ્યું છે કે પ્રધાનમંત્રીએ માછીમારને ઓળખ્યા, સૌ પ્રથમ વખત ભારત સરકારે માછીમારો માટેની ચિંતા કરી : પરષોત્તમભાઈ રૂપાલા

## જીંગાએ દક્ષિણ ગુજરાત માટે આર્થિક ઉપાર્જન માટેનું મહત્વનું સાધન બની ગયું છે : સી.આર. પાટીલ

(સંજય પંડ્યા દ્વારા)

ગાંધીનગર તા. ૧૪

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ જણાવ્યું હતું કે, નવસારી જિલ્લાની નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે જીંગાના ખેડૂતોનો સંમેલન કાર્યક્રમ કેન્દ્રિય મંત્રી પરષોત્તમ રૂપાલા તેમજ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો.

સી.આર. પાટીલે સંબોધન કરતા જણાવ્યું કે, જીંગાએ દક્ષિણ ગુજરાત માટે આર્થિક ઉપાર્જન માટેનું મહત્વનું સાધન બની ગયું છે. એક સમય હતો કે લોકોને માત્ર આરોગવા માટે ખોરાક માટે ઉપયોગ થતો હતો પરંતુ જીંગાની ખેતી થાય તેમાથી આર્થિક ઉપાર્જન થાય અને તેના દ્વારા ખૂબ બહોળો વ્યાપાર થાય તેમાથી રોજગારીની તકો મળે તે આજે માત્ર ગુજરાતમાં થઈ રહ્યું છે. જીંગાનું ઉત્પાદન વધારેમાં વધારે થાય તેના પ્રયત્નો કરવામાં આવશે. ગુજરાતમાં જે લગભગ ૧૦ હજર હેક્ટરની અંદર જે જીંગા ઉછેર થાય છે તેમાં ૭૦ ટકાથી વધુ જમીન સરકારી છે પરંતુ તે જમીન ઉપર જે જીંગા ઉછેર થઈ રહ્યો છે તેમાં વધારો કરવામાં આવે તેના પ્રયત્નો રાજ્યસરકાર કરી રહી છે. આપણે સૌ જાણીએ છીએ કે, કાંઠા વિસ્તારમાં ખેડૂત ભાઈઓ હોય છે તેમને દૂર-દૂર સુધી ખેડવા માટે જતાં હોય છે. બીજા પ્રદેશમાં તેઓ પ્રવેક કરતાં હોય છે અને તેમનાં ત્યાં મૃત્યુ પણ થાય છે. એટલા માટે જ કાંઠા વિસ્તારમાં વિધવા બહેનોની સંખ્યા વધારે છે. તેમની પાસે કોઈ સ્કિલ નથી તો તમને સરકાર તરફથી જીંગા ફાર્મિંગ માટે એક પ્લોટ એલોટ થયેલો હોય તો એ કદાચ ત્યાં જીંગા ઉછેર કરે તેવી કોઈ વ્યવસ્થા થાય તો કાંઠા વિસ્તારની બેરોજગારીનું અને ગરીબીનું પ્રમાણ છે તેમાં ખૂબ મોટો ઘટાડો થઈ શકે તેમ છે.

કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલએ હિન્દી દિવસની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું કે, હિન્દી આપણી રાષ્ટ્રભાષા છે. કોઈપણ રાષ્ટ્ર હોય તેના રાષ્ટ્રીય પ્રતિકોનું મહત્વ હોય છે. તેમાં તેની રાષ્ટ્રભાષાનું પણ મહત્વ હોય છે. આજના આ મુખ્ય દિવસે જીંગાની ખેતી કરતાં ખેડૂતોને એકત્રિત કરી તેમની સમસ્યાઓ અને તેમના પ્રશ્નો સાંભળી આઈસીઆર દ્વારા, સીઆઈબીએ દ્વારા કઈ રીતે તેની કાર્યપદ્ધતિ છે અને તેની અંદર ક્યા પ્રકારે સુધારા કરવા જોઈએ તેના માટેનો આ એક સેમિનાર કાર્યક્રમ પણ યોજાશે. દેશમાં આ પહેલી વાર થઈ રહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ માછીમારને ઓળખ્યા, સૌ પ્રથમ વખત ભારત સરકારે માછીમારો માટેની ચિંતા કરી. આટલા મોટા કારોબાર અને દરિયા માટે કોઈ પ્લાનિંગ કે કોઈ મેનેજમેંટ જ નહોતું તેના માટે પ્રધાનમંત્રીએ માછીમારો માટે સ્વતંત્ર મંત્રાલય બનાવવાનો નિર્ણય કર્યો.આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલા, આઈસીઆરના ડીડીજી જેનાર, શિવાના ડાયરેક્ટર ડો. કુલદિપ કેલાલ, એગ્રિકલ્ચર યુનીવર્સિટીના કુલપતિ જે.પી. પટેલ, ડાયરેક્ટર સાંગવાજી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

| **Press Information Bureau<br>Govt. Of India, Ahmedabad** | | | |
|---|---|---|---|
| **Name Of The Newspaper :** | Satta Samay | **Date :** | 15-09-2023 |
| **Page No :** | 06 | **Language :** | Gujarati |
| **Subject :** | केन्द्रीय मंत्री श्री परषोत्तम रुपाला ने नवसारी कृषि युनिवर्सिटी में आईसीएआर-सीआईबीए झींगा फार्मर्स कोन्कलेव-2023 का उद्धाटन किया, सीआईबीए ओर एनएफडीबी के बीच एमओयु | | |

# કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાએ નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે ICAR-CIBA ઝીંગા ફાર્મર્સ કોન્ક્લેવ-2023નું ઉદ્ઘાટન કર્યું, CIBA અને NFDB વચ્ચે એમઓયુ

**નવસારી, તા. 14**

ભારત સરકારનાં મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી વિભાગનાં કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાની અને નવસારી સાંસદ સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં આજ રોજ નવસારી કૃષિ યુનિવર્સિટીમાં આઈસીએઆર-સીઆઈબીએનાં શ્રિમ્પ ફાર્મર્સ કોન્ક્લેવ-2023નાં બીજા સંસ્કરણનું દીપપ્રાગટ્ય કરી શુભારંભ કરવામાં આવ્યો હતો. CIBAઅને નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ (એનએફડીબી) વચ્ચે સમજૂતીકરાર (એમઓયુ) એન.એફ.ડી.બી. દ્વારા ઓફર કરવામાં આવતી પ્રીમિયમ સબસિડી



સાથે જળચરઉછેર માટે પાક વીમાનો અમલ કરવા માટે અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ) અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ)ને કોન્ક્લેવ દરમિયાન અમલમાં મૂકવામાં સાથે એગ્રિકલ્ચર ઈન્શ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડની પ્રોડક્ટ ઝીંગા પાક વીમાને પણ લોન્ચ કરવામાં આવી છે. ભારત અંદાજીત 14 મિલિયન મેટ્રિક ટનના મત્સ્ય ઉત્પાદન સાથે ત્રીજો સૌથી મોટો માછલી ઉત્પાદક દેશ છે અને લગભગ 7 લાખ ટન ઉછેર કરાયેલા ઝીંગાનો સૌથી મોટો નિકાસકાર છે. જો કે, બીમારીઓને કારણે દેશને વાર્ષિક અંદાજે 7100 કરોડનું નુકસાન થાય છે. તેથી, રોગોને નિયંત્રિત કરવા માટે વહેલાસર શોધ અને રોગોના ફેલાવાને નિયંત્રિત કરવું મહત્વપૂર્ણ માનવામાં આવે છે. મહત્વને ધ્યાનમાં રાખીને, ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય સર્વેલન્સ પ્રોગ્રામ ફોર એક્વાટિક એનિમલ ડિસીઝ (NSPAAD) લાગુ કરવામાં આવે છે. જે અંતર્ગત મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલાએ નવસારી કૃષિ યુનિવર્સિટીમાં આઈસીએઆર-સીઆઈબીએનાં શ્રિમ્પ ફાર્મર્સ કોન્ક્લેવ-2023નાં બીજા સંસ્કરણ કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

| Press Information Bureau<br>Govt. Of India, Ahmedabad | | | |
|---|---|---|---|
| **Name Of The Newspaper :** | Connect Gujarat | **Date :** | 15-09-2023 |
| **Page No :** | 00 | **Language :** | Gujarati |

## કેન્દ્રીય મંત્રી પુરુષોતમ રૂપાલાની અધ્યક્ષતામાં નવસારી કૃષિ યુનિવર્સિટીમાં યોજાય મત્સ્ય પરિષદ..

ગુજરાતનો 1600 કિલોમીટરનો દરિયા કિનારો માછીમારોને રોજગારી આપતો સૌથી મોટો રોજગારીનો સ્ત્રોત છે,

BY Connect Gujarat Desk 14 Sept 2023 6:28 PM




Connect Gujarat Desk 14 Sept 2023 6:28 PM

ગુજરાતનો 1600 કિલોમીટરનો દરિયા કિનારો માછીમારોને રોજગારી આપતો સૌથી મોટો રોજગારીનો સ્ત્રોત છે, ત્યારે નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા એક્વા કલ્ચરની ચડતી પડતી અને વિકાસની યોજનાઓને ધ્યાન રાખીને કેન્દ્રીય કેબિનેટ મંત્રી પુરુષોતમ રૂપાલા આગેવાનીમાં મત્સ્ય પરિષદ યોજવામાં આવી હતી.

ગુજરાત સહિત સમગ્ર ભારત દેશનો દરિયાકિનારો માછીમારી અને રોજગારીને પ્રોત્સાહન આપતો ઉદ્યોગ છે. જેને છેલ્લા કેટલાક સમયથી કેન્દ્ર સરકાર દ્વારા પ્રોત્સાહિત કરીને રોજગારી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમાં એક્વા કલ્ચર એટલે કે, ઝીંગા ઉત્પાદનની દિશામાં પ્રયત્ન શરૂ કર્યા છે. 30 વર્ષ પહેલાં ઝીંગા અને મત્સ્ય ઉત્પાદનના માત્ર 15000 ટન જેટલું ઉત્પાદન થતું હતું. જે હવે એક વર્ષમાં 35,000 ટન ઝીંગા અને મત્સ્ય ઉત્પાદન થાય છે, અને વિદેશોમાં નિકાસ કરવામાં આવે છે, જેમાં ભારતે સૌથી મોટી પ્રસિદ્ધિ મેળવી છે. નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા આયોજિત એક્વા કલ્ચર સેમિનારમાં દક્ષિણ ગુજરાતના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નવસારીના સાંસદ અને ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલે સરકાર દ્વારા દરિયા કિનારાના દરેક તળાવ ફાળવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

જોકે, ગુજરાતનો દરિયા કિનારો એકવાર કલ્ચર માટે સૌથી વધુ તકો ઉભી કરે તેવી શક્યતાઓ છે. જેને પગલે ગુજરાત મત્સ્ય ઉદ્યોગ કમિશનર દ્વારા વિવિધ પ્રોજેક્ટ અંતર્ગત એક્વા કલ્ચરની વિકસાવવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. કેટલાક સમયથી દરિયા કિનારાના વિસ્તારોમાં ઝીંગા ઉદ્યોગ માટે આપવામાં આવેલી જમીનોના કારણે વોટર લોગીન જેવી સમસ્યાઓ પણ સર્જાઇ રહી છે. જે કાંઠા વિસ્તારના રહીશો માટે અને દરિયા કિનારાના ભવિષ્ય માટે ખતરા રૂપ પણ સાબિત થઈ શકે તેવી શક્યતાઓ છે. દરિયા કિનારા વિસ્તારમાં ભમરા પાણીમાં એક્વા કલ્ચરના વિકાસ માટે કેન્દ્ર સરકારની વિવિધ એજન્સીઓ દ્વારા યોજનાઓ લાગુ કરવામાં આવી છે. જેમાં ખેડૂતોને ઝીંગા ઉત્પાદન તથા મત્સ્ય ઉત્પાદન માટેના વિવિધ પ્રોજેક્ટ માટે જાણકારી આપવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી પુરુષોતમ રૂપાલાએ એક્વા કલ્ચર માટે તમામ મદદો કરવાની ખાતરી પણ આપી હતી. નવસારી કૃષિ યુનિવર્સિટીના કાર્યક્રમમાં પધારેલા કેબિનેટ મંત્રી પુરુષોતમ રૂપાલાએ વિપક્ષોના ગઠબંધન ઇન્ડિયાને પોતાના પક્ષનું અસ્તિત્વ બચાવવા માટેનું સંગઠન ગણાવ્યું હતું.

https://gujarati.connectgujarat.com/gujarat/fisheries-conference-held-at-navsari-agricultural-university-under-the-chairmanship-of-union-minister-purushottam-rupala-1494807

**Press Information Bureau**
**Govt. Of India, Ahmedabad**

| **Name Of The Newspaper :** | Public | **Date :** | 15-09-2023 |
|---|---|---|---|
| **Page No :** | 00 | **Language :** | Gujarati |


public



## નવસારી: કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા નવસારી જિલ્લાની મુલાકાતે પહોંચ્યા

Navsari, Navsari | Sep 14, 2023

https://public.app/video/sp_weejxkx5akgee

# Press Information Bureau
# Govt. Of India, Ahmedabad

| | | | |
|---|---|---|---|
| **Name Of The Newspaper :** | NTC News | **Date :** | 15-09-2023 |
| **Page No :** | 00 | **Language :** | Gujarati |




https://www.youtube.com/watch?v=_3FNTeQPm0I&ab_channel=NTCNewsNavsari

| Press Information Bureau<br>Govt. Of India, Ahmedabad | | | |
|---|---|---|---|
| **Name Of The Newspaper :** | Mantavya News | **Date :** | 15-09-2023 |
| **Page No :** | 00 | **Language :** | Gujarati |




Navsari : ઝીંગા ખેતીને વીમા સુરક્ષા આપવા નવી વીમા પોલીસીની જાહેરાત

Mantavya News
3 subscribers
Subscribe
0 Share Download Save

https://www.youtube.com/watch?v=MvmeaiLLyHo&ab_channel=MantavyaNews

| Press Information Bureau<br>Govt. Of India, Ahmedabad | | | |
|---|---|---|---|
| **Name Of The Newspaper :** | The Indian Express | **Date :** | 15-09-2023 |
| **Page No :** | 00 | **Language :** | English |

# Rupala launches shrimp crop insurance scheme in Navsari

Elaborating on the scheme, AIC MD and chairman Girja Subramanyam said, "Our shrimp policy is open for black tiger prawn, white leg shrimp, scampi and others. The insurance cover starts from the initial stage to 130 days till the shrimps are ready."

By: Express News Service
Surat | September 15, 2023 05:28 IST

NewsGuard

Follow Us




Union Minister of State for Animal Husbandry, Dairying and Fisheries Purshottam Rupala

Union Minister of State for Animal Husbandry, Dairying and Fisheries Purshottam Rupala launched a shrimp crop insurance scheme developed by Agricultural Insurance Company (AIC) in Navsari Thursday.

"The entrepreneurs of shrimp farming should increase the production so that India, which is the second largest shrimp producer in the world, should take first position. The state and Central governments are all there to support the mission," Rupala said as he also inaugurated a conclave of shrimp farmers. "Shrimp farming has become an important tool of livelihood for the people of South Gujarat. Shrimp farming is being done on 10,000 hectares of land in Gujarat out of which 80 per cent is owned by the government," said state BJP president C R Paatil. He urged the government to develop infrastructure for shrimp farmers of South Gujarat. He also suggested that the government should allot land to widows from the region so that they can do shrimp farming or lease the plot to generate monthly revenue.

LIVE BLOG

Mumbai News Live Updates: Private jet with eight on board skids off runway, both pilots critically injured
6 hours ago

Delhi News Live Updates: L-G Saxena's thanksgiving events for G20 Summit success start today
8 hours ago

Bengaluru News Live Updates: Karnataka govt calls for vigilance amid spread of Nipah virus in Kerala
18 hours ago

INDIA Alliance Meeting Live Updates: Parties to begin seat-sharing discussion 'at the earliest'; first joint rally in Bhopal next month
1 day ago

BEST OF EXPRESS




Opp names, blacklists 14 TV anchors; gag on Press as in Emergency, say media panel, BJP



https://indianexpress.com/article/cities/surat/rupala-launches-shrimp-crop-insurance-scheme-in-navsari-8940672/